Member of
CREDAI GUJARAT

CONFEDERATION OF REAL ESTATE DEVELOPERS ASSOCIATION OF INDIA - SURAT

3rd Floor, Association Office Building, Nr. Surat International Exhibition And Convention Center, Khajodd Chokdi, Sarsana, SURAT-395007.
Tele: +91 73839 33777 | Email: info@credai-surat.com | Website: www.credai-surat.com

CREDAI SURAT

**Ref.No. : CREDAI/SRT/F42/28/2022**

**તા.૩૦/૦૫/૨૦૨૨**

પ્રતિ,
**કલેક્ટરશ્રી,**
જીલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત

**વિષય : કોમર્શીયલ પ્રોજેક્ટને સુરતમાં લાગુ કરાયેલ અશાંતધારા વિસ્તારમાંથી બાકાત રાખવા બાબત...**

**મહોદયશ્રી,**

અમો સંસ્થાના ડેવલોપર્સ દ્વારા વિવિધ પ્રોજેક્ટ/સાઇટ ડેવલપ કરી અને પ્રોજેક્ટના યુનિટો ખરીદનારાઓને વેચાણથી આપતા હોઇએ છીએ.

30 MAY 2022
30/5/22
નાયબ મામલતદાર
જોગવાઈ શાખા / ...
કલેક્ટર કચેરી, સુરત

સુરત શહેરમાં અઠવા, સલાબતપુરા, ચોક બજાર, મહિધરપુરા, સૈયદપુરા અને લાલગેટ પોલીસ સ્ટેશનનાં કેટલાંક વિસ્તારોમાં તા.૧૭/૧૦/૨૦૧૭ થી તેમજ લીંબાયત અને રાંદેર પોલીસ મથકનાં કેટલાક વિસ્તારોમાં તા.૧૪/૦૩/૨૦૨૦ થી અશાંતધારાની જોગવાઇઓ અમલી બનાવી છે. અશાંતધારાની જોગવાઇઓ મુજબ કોઇ પણ ધર્મનાં લોકો પરસ્પર મિલકતનું ખરીદ-વેચાણ પહેલાં પરવાનગી મેળવવી ફરજીયાત છે આવો નિયમ છે જેનાથી અમો સૌ માહિતગાર છીએ.

અશાંતધારાની જોગવાઇ અને પ્રોસીજર પ્રમાણે જોઇએ તો મિલકતનાં દરેક ખરીદનાર દ્વારા અલગ-અલગ અશાંતધારાની પરવાનગી મેળવવા માટે અરજી કરવામાં આવે છે. કોઇ એક ધર્મનાં ડેવલોપર્સ/વેચાણ આપનાર દ્વારા અન્ય ધર્મનાં લોકોને સમગ્ર પ્રોજેક્ટની તમામ મિલકતો જેવી કે ફ્લેટ, દુકાન, રો-હાઉસ વગેરે ચોક્કસ ધર્મનાં ખરીદનારાઓને વેચાણ આપવાનું નક્કી કરી ત્યારબાદ પરવાનગી લેવાની હોય છે તો તેવા સંજોગોમાં ઓનલાઇન અરજી કરતાં જે તે લાગતાં વળગતા પોલીસ સ્ટેશન અને મામલતદારને મોકલવામાં આવે છે. ત્યારબાદ લેનાર તથા વેચનારના જવાબ,


| | | | | | |
|---|---|---|---|---|---|
| RAVJI PATEL<br>Chairman<br>99252 05961 | SANJAY MANGUKIYA<br>President<br>98251 22383 | G.R. ASODARIA<br>Vice- President<br>98251 43517 | DR. JIGNESH PATEL<br>Vice- President<br>93755 44000 | VIJAY DHAMELIA<br>Vice- President<br>98258 00402 | BHAVESH SANGHAVI<br>Hon. Secretary<br>98251 20206 |
| AMAR RAVAL<br>Hon. Jt. Secretary<br>98251 26001 | TUSHAR LAKHANI<br>Hon. Jt. Secretary<br>98259 05444 | UMESH PATEL<br>Hon. Jt. Secretary<br>98251 35657 | DIPAN DESAI<br>Treasurer<br>98241 14798 | HARESHBHAI MOTISARIYA<br>Jt. Treasurer<br>98243 55311 | HARSHIL DELIWALA<br>Chief Co-ordinator<br>98251 40401 |

પંચકયાસ, સ્થળ નિરીક્ષણ વિગેરે કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારબાદ, પોલીસ કમિશ્નર કચેરી તથા અરજીના સંદર્ભનાં કાગળો નાયબ કલેકટર કચેરી સુરતનાંને મોકલવામાં આવે છે.

આવા સંજોગોમાં સદર કાર્યવાહી પુર્ણ થતાં ઘણો લાંબો સમય અને નાણાંનો વ્યય થાય છે. વધુમાં, અમો ડેવલોપર્સને બાંધકામ અંતર્ગત વિવિધ કાર્યરીતી ફોલો કરવાની રહે છે. અશાંતધારાની કાર્યવાહી લાંબી, જટીલ અને વધુ પડતો સમય માંગી લે છે જેથી રેરા રજીસ્ટ્રેશનની જોગવાઇ પ્રમાણે આપેલ સમયમર્યાદામાં પ્રોજેકટ પુર્ણ થઇ શકતા નથી અને છેવટે તમામ આર્થિક ભારણ અમો ડેવલોપર્સના શિરે આવી પડે છે.

ઉપરોકત લાગુ અશાંતધારા વિસ્તારમાં રેસીડેન્શીયલ બિલ્ડીગ સિવાયના કોમર્શીયલ બિલ્ડીગમાં લાગુ ન કરવો જોઇએ તેવું અમારૂ સ્પષ્ટપણે માનવું છે. કોમર્શીયલ પ્રોજેકટથી અશાંતધારા કાયદાના ઘડવૈયાના મુળભુત હેતુને અડચણરૂપ યા નુકશાન થતુ નથી. કોમર્શીયલ પ્રોજેકટમાં કોઇની ધાર્મિક લાગણી દુભાય કે કોઇ ચોક્કસ પ્રકારનું કલસ્ટર સર્જાવાની શકયતા પણ જોવા મળતી નથી. ધંધો-રોજગાર, વ્યાપાર-વ્યવસાય, સેવાકીય હેતુ માટે બનતા કોમર્શીયલ પ્રોજેકટનો સમાવેશ અશાંતધારામાં કરવો તે ન્યાયોચિત્ત જણાતું નથી.

આથી ઉપરોકત રજુઆતના અનુસંધાને અશાંતધારા હેઠળ આવરી લેવાયેલ વિસ્તારમાં કોમર્શીયલ પ્રોજેકટને તેમાંથી બાકાત કરવામાં આવે તેવો પરિપત્ર ઝડપથી બહાર પાડવા આપશ્રીને નમ્ર અરજ છે.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **રવજીભાઇ પટેલ** | **સંજય માંગુકીયા** | **ભાવેશ સંઘવી** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |